## National Scholarship Portal ની વેબસાઈટ - www.scholarships.gov.in પર ONLINE અરજી કરવાની જાહેરાત

ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી ધ્વારા અમલીત "મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌધ્ધ, જૈન" જેવા ધાર્મિક લઘુમતીના વિધાર્થીઓ માટે "પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના", "પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" અને "મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના".

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ધાર્મિક લઘુમતી કોમના વિધાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મળેલ ન હોય તેવા નવા(FRESH) વિધાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા જુના(RENEWAL) વિધાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૦-૨૧ માં ઉપરોકત "પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના", "પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" તેમજ "મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના" માટેની શિષ્યવૃત્તિ મેળવવા નીચેની શરતોને આધીન રહી ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ વિધાર્થીઓ ONLINE રજુ કરવાની રહેશે. www.scholarships.gov.in વેબસાઈટ પર જઇ અરજી કરવાની રહેશે. જુના(RENEWAL) વિદ્યાર્થીઓ પોતાની ગત વર્ષની અરજીનો ID નો ઉપયોગ કરીને અરજી કરી શકશે. ગત વર્ષે ONLINE અરજી કરેલ હોય અને શિષ્યવૃત્તિ મંજુર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ જો જે તે અભ્યાસકમ ચાલુ હોય તો વર્ષ ૨૦૨૦-૨૧માં નવા(FRESH) તરીકે ONLINE અરજી કરવાની રહેશે. વિધાર્થીઓ દ્વારા આપેલ બેંક Account શિષ્યવૃત્તિની પ્રકિયા દરમ્યાન બેંક ખાતુ Active રાખવાની જવાબદારી તથા મંજુર થયેલ શિષ્યવૃત્તિની રકમ જમા કરાવતી વખતે બેંક Account બંધ માલુમ પડશે તો તેની જવાબદારી જે તે વિધાર્થીઓ/વાલીની રહેશે. જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ૫૦,૦૦૦/- થી ઓછી હોય તેવા (પ્રિ-મેટ્રિક / પોસ્ટ-મેટ્રિક) ના અરજદારે સાધનિક પુરાવા Upload કરવાના થતા નથી પરંતુ તેઓની Online Submit કરેલ અરજીની નકલ સાથે ડોમીસાઇલ સર્ટીફીકેટ/ રેશન કાર્ડ / લાઈટ બીલ તથા અન્ય જરૂરી સાધનિક પુરાવા શાળા/કોલેજ/સંસ્થા લેવેલે હાર્ડકોપી જમા કરાવવાની રહેશે અને જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ૫૦,૦૦૦/- થી વધુ હોય તેવા (મેરીટ કમ મીન્સ) વિદ્યાર્થીઓએ Online Submit કરેલ અરજીની નકલ સાથે ફરજીયાત ડોમીસાઇલ સર્ટીફીકેટ તથા અન્ય લાગુ પડતા સાધનિક પુરાવા પોર્ટલ પર અપલોડ કરવાના તેમજ શાળા/કોલેજ/સંસ્થા લેવેલે હાર્ડકોપી જમા કરાવવાની રહેશે.

| યોજનાનું નામ | વિદ્યાર્થીઓએ નવા (FRESH) / જુના (RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ | શાળા/કોલેજ/સંસ્થાઓએ નવા(FRESH) / જુના(RENEWAL) અરજીઓ અને Defect થયેલ અરજીઓને ONLINE Verification કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|
| પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૩૧/૧૦/૨૦૨૦ | ૧૫/૧૧/૨૦૨૦ |
| પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૩૧/૧૦/૨૦૨૦ | ૧૫/૧૧/૨૦૨૦ |
| મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના | ૩૧/૧૦/૨૦૨૦ | ૧૫/૧૧/૨૦૨૦ |

શાળા/કોલેજ/સંસ્થાઓએ કરવાની પ્રકિયા :-

શાળા કોલેજ/સંસ્થાઓએ પોતાના ONLINE એકાઉન્ટમાં લોગીન થઇ SCRUTINY ની પ્રકિયા કરવાની રહેશે. જેમાં વિદ્યાર્થીની અરજીની ચકાસણી કરી તેને ઉપરોકત આપેલ સમય મર્યાદામાં ONLINE ફોરવર્ડ કરવાની રહેશે. જો શાળા/કોલેજ/સંસ્થાએ આગળની ONLINE પ્રકિયા કરી ફોરવર્ડ કરેલ ન હોય તો વિદ્યાર્થીની અરજી પર આગળની પ્રકિયા થઇ શકશે નહિ જેથી શાળા/કોલેજ/સંસ્થાઓએ ખાસ પોતાનો આઇ.ડી. તથા પાસવર્ડ જિલ્લા/રાજ્યકક્ષાએથી મેળવી લેવાના રહેશે. જે શાળા/કોલેજ/સંસ્થાઓએ ઉપરોક્ત WEBSITE માં પોતાની કોલેજનું લિસ્ટમાં નામ ન હોય તો તેવી શાળા કોલેજ/સંસ્થાઓએ જિલ્લા કચેરીનો સંપર્ક કરીને રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. National Scholarship Portal પર Institute Login માં જઇ Operational Manual માં આપેલ To Fill Registration Form માં રહેલ સુચન મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ ના કાર્યરત આઇ.ડી. તથા પાસવર્ડનો ઉપયોગ કરી વર્ષ ૨૦૨૦-૨૧ માટે Institute Registration ની પ્રકિયા કરવાની રહેશે. નવા આઇ.ડી. તથા પાસવર્ડ મેળવ્યા બાદ Login થઇ શાળા/કોલેજ સંસ્થાઓએ ફરજીયાત પોતાની Profile Update કરવાની રહેશે.

શાળા/કોલેજ/ સંસ્થા દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માં Institute Login માં જઇ ફરજીયાત Profile Update કરવાની રહેશે, ત્યારબાદ Administration → Add Update Details → Add Annual Course Fee Option માં જઇ આપની શાળા/કોલેજ/સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોની વર્ષ વાર ફી ની Details જેવી કે Annual Admission Fee, Tuition Fee, Others Fee, શાળા/કોલેજ/સંસ્થાઓએ જ Entry કરવાની રહેશે.

આ શિષ્યવૃત્તિ યોજનાની વધુ વિગત તથા Guidelines નીચે દર્શાવેલ WEBSITE પરથી મેળવી શકાશે

1) www.scholarships.gov.in   2) www.minorityaffairs.gov.in   3) https://sje.gujarat.gov.in/ddew/ → કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ

**ONLINE અરજીમાં UPLOAD કરવાના થતા આધાર-પુરાવા: -**

- આધાર કાર્ડ / Enrolment ID (ફરજીયાત) (Mandatory)
- ગુજરાત રાજ્યના નિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર (ડોમીસાઇલ સર્ટીફીકેટ/ રેશન કાર્ડ/ લાઈટ બીલ)
- નવા(FRESH) અને જુના(RENEWAL) વિદ્યાર્થીઓએ છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો (ફરજીયાત)
- વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો / સ્વપ્રમાણિત નકલ (ફરજીયાત) (ઉપરોકત WEBSITE ન ૨ માં આપેલ નમુના પ્રમાણે)
- વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફી ની પહોંચની ખરી નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થીની બેન્ક પાસબુકની નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ

એ.એ.નિનામા (IAS)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર